www.prepp.in

Prepp
Your Personal Exams Guide

# UGC NET PAPER 2 JANUARY 22, 2017 SHIFT 1 GUJARATI QUESTION PAPER

| J | A | 0 | 3 | 7 | 1 | 7 |

Time : 1 ¼ hours] [Maximum Marks : 100

Number of Pages in this Booklet : 12

Number of Questions in this Booklet : 50

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Sheet and the OMR Sheet Number should be entered on this Test Booklet.
   (iv) The test booklet no. and OMR sheet no. should be same. In case of discrepancy in the number, the candidate should immediately report the matter to the invigilator for replacement of the Test Booklet / OMR Sheet.
4. Each item has four alternative responses marked (1), (2), (3) and (4). You have to darken the circle as indicated below on the correct response against each item.
   **Example :** ① ② ● ④
   where (3) is the correct response.
5. Your responses to the items are to be indicated in the **OMR Sheet given inside the Booklet only.** If you mark your response at any place other than in the circle in the OMR Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the Original OMR Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are, however, allowed to carry original question booklet on conclusion of examination.
10. **Use only Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There is no negative marks for incorrect answers.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. इस पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए ।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं ।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी । पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे, जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए पुस्तिका पर लगी कागज की सील को फाड़ लें । खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें ।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं । दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें । इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे । उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा ।**
   (iii) इस जाँच के बाद प्रश्न-पुस्तिका का नंबर OMR पत्रक पर अंकित करें और OMR पत्रक का नंबर इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें ।
   (iv) प्रश्न पुस्तिका नं. और OMR पत्रक नं. समान होने चाहिए । यदि नंबर भिन्न हों, तो परीक्षार्थी प्रश्न-पुस्तिका / OMR पत्रक बदलने के लिए निरीक्षक को तुरंत सूचित करें ।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (1), (2), (3) तथा (4) दिये गये हैं । आपको सही उत्तर के वृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है :
   **उदाहरण :** ① ② ● ④
   जबकि (3) सही उत्तर है ।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पुस्तिका के अन्दर दिये गये OMR पत्रक पर ही** अंकित करने हैं । यदि आप OMR पत्रक पर दिये गये वृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिह्नांकित करते हैं, तो उसका मूल्यांकन नहीं होगा ।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें ।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें ।
8. यदि आप OMR पत्रक पर नियत स्थान के अलावा अपना नाम, रोल नम्बर, फोन नम्बर या कोई भी ऐसा चिह्न जिससे आपकी पहचान हो सके, अंकित करते हैं अथवा अभद्र भाषा का प्रयोग करते हैं, या कोई अन्य अनुचित साधन का प्रयोग करते हैं, जैसे कि अंकित किये गये उत्तर को मिटाना या सफेद स्याही से बदलना तो परीक्षा के लिये अयोग्य घोषित किये जा सकते हैं ।
9. आपको परीक्षा समाप्त होने पर मूल OMR पत्रक निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद उसे अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें । हालांकि आप परीक्षा समाप्ति पर मूल प्रश्न-पुस्तिका अपने साथ ले जा सकते हैं ।
10. **काले बाल प्वाईंट पेन का ही इस्तेमाल करें ।**
11. **किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है ।**
12. **गलत उत्तरों के लिए कोई नकारात्मक अंक नहीं हैं ।**

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

# ગુજરાતી

## પ્રશ્નપત્ર – II

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **પચાસ (50)** હેતુલક્ષી પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના **બે (2)** ગુણ છે. **બધા** પ્રશ્નો ફરજિયાત છે.

**1.** 'અઢળક ઢળિયો રે શામળિયો' પંક્તિ કયા બે કવિઓએ પ્રયોજી છે ?

(1) નરસિંહ અને દયારામ
(2) પ્રેમાનંદ અને દિનેશ કોઠારી
(3) મીરાં અને રમેશ પારેખ
(4) દયારામ અને સુરેશ દલાલ

**2.** કયા કવિએ બીજી વખત 'નળાખ્યાન' લખ્યું છે ?

(1) નાકર
(2) પ્રેમાનંદ
(3) વલ્લભ
(4) ભાલણ

**3.** નીચેનામાંથી કઈ રચના શામળની નથી ?

(1) પંદરમી વિદ્યા
(2) બરાસકસ્તૂરી
(3) કામાવતીની વાર્તા
(4) ઉદ્યમકર્મસંવાદ

**4.** ભોજા ભગત ક્યાંના હતા ?

(1) દેવકી ગાલોળ
(2) અમરેલી
(3) જેતપુર
(4) દેયાણ

**5.** 'પાંચ પાંડવ ચરિત્ર' કૃતિના કર્તા કોણ છે ?

(1) વિજયસેન
(2) શાલિભદ્રસૂરિ
(3) સોમદેવ
(4) કેશવદાસ

**6.** 'ડીમલાઈટ' એકાંકીમાં કઈ બોલીનું સંયોજન કરવામાં આવ્યું છે ?

(1) સૌરાષ્ટ્રી
(2) ચરોતરી
(3) ઉત્તર ગુજરાતની
(4) સુરતી

**7.** 'દશરથનો અંતકાળ' ખંડકાવ્યનો છંદ કયો છે ?

(1) હરિગીત
(2) મંદાક્રાંતા
(3) સવૈયા
(4) વનવેલી

**8.** 'પંડિત ભગવાનદાસ ઈન્દ્રજીનું જીવનચરિત્ર'ના લેખક કોણ છે ?

(1) દુર્ગાશંકર શાસ્ત્રી
(2) મહીપતરામ નીલકંઠ
(3) કરસનદાસ મૂળજી
(4) બેચરદાસ પંડિત

Prepp Your Personal Exam Guide

9. કયા સમયગાળાની કાવ્યધારા સૌન્દર્યાભિમુખ ગણાય છે ?
(1) 1885 – 1920 (2) 1955 – 1985
(3) 1920 – 1939 (4) 1940 – 1954

10. જલન માતરીના ગઝલ-સંગ્રહનું નામ જણાવો.
(1) ગાતાં ઝરણાં (2) તપિશ
(3) નકશા (4) માનસર

11. કાલાનુક્રમે ગોઠવો :
(A) ગાંઠ છૂટ્યાની વેળા
(B) રેત-પંખી
(C) શગ રે સંકોરું
(D) માટીનું ઘર
(1) (B), (D), (C), (A) (2) (A), (C), (D), (B)
(3) (B), (A), (D), (C) (4) (A), (B), (C), (D)

12. કાલાનુક્રમે ગોઠવો :
(A) અજામિલ આખ્યાન
(B) શુકદેવ આખ્યાન
(C) જાલંધર આખ્યાન
(D) રણયજ્ઞ
(1) (C), (D), (B), (A) (2) (B), (C), (D), (A)
(3) (A), (D), (C), (B) (4) (C), (B), (D), (A)

13. કાલાનુક્રમે ગોઠવો :
(A) ચિત્રણા
(B) મધ્યમા
(C) શાંત કોલાહલ
(D) પત્રલેખા
(1) (C), (A), (B), (D) (2) (C), (D), (B), (A)
(3) (B), (C), (A), (D) (4) (A), (B), (D), (C)

**14.** કાલાનુક્રમે ગોઠવો :

(A) શ્રેયાર્થીની સાધના

(B) વ્યથાનાં વીતક

(C) પાર્વતીકુંવર આખ્યાન

(D) માનવતાના ભેરું

(1) (A), (C), (D), (B)
(2) (B), (C), (D), (A)
(3) (C), (A), (B), (D)
(4) (C), (D), (B), (A)

**15.** કાલાનુક્રમે ગોઠવો :

(A) આગમન

(B) કલિંગ

(C) અચાનક

(D) પગરવ

(1) (B), (D), (C), (A)
(2) (C), (B), (A), (D)
(3) (A), (D), (C), (B)
(4) (A), (B), (C), (D)

**16.** કાલાનુક્રમે ગોઠવો :

(A) શબ્દકથા

(B) અક્ષર અને શબ્દ

(C) અંગ્રેજી અને ગુજરાતી શબ્દસમૂહ

(D) હાલારી બોલી

(1) (B), (A), (C), (D)
(2) (C), (A), (D), (B)
(3) (D), (B), (A), (C)
(4) (C), (B), (A), (D)

**17.** કાલાનુક્રમે ગોઠવો :

(A) ભામહ

(B) દંડી

(C) વામન

(D) રુદ્રટ

(1) (A), (C), (B), (D)
(2) (A), (B), (C), (D)
(3) (A), (D), (C), (B)
(4) (A), (D), (B), (C)

**18.** કાલાનુક્રમે ગોઠવો :

(A) બાધર

(B) શિતલસિંહ

(C) જીવરામ ભટ્ટ

(D) શેખર ખોસલા

(1) (C), (B), (A), (D)
(2) (D), (A), (C), (B)
(3) (C), (A), (D), (B)
(4) (B), (C), (D), (A)

19. સર્વથા સુસંગત જૂથ જણાવો :
(1) સુધારક યુગ : વ્રજલાલ શાસ્ત્રી, કરસનદાસ મૂળજી, હિંમત અંજારિયા
(2) સાક્ષર યુગ : મહીપતરામ નીલકંઠ, કૃ.મો. ઝવેરી, દોલતરામ પંડ્યા
(3) ગાંધી યુગ : રસિકલાલ પરીખ, ડોલરરાય માંકડ, અનંતરાય રાવળ
(4) આધુનિક યુગ : મુકુન્દ પરીખ, પ્રબોધ પરીખ, પિનાકિન ઠાકોર

20. સર્વથા સુસંગત જૂથ જણાવો :
(1) ગુણવંતરાય આચાર્ય : દરિયાલાલ, સક્કરબાર, અલ્લાબેલી
(2) ધનસુખલાલ મહેતા : અમે બધાં, સરી જતું સૂરત, કેવળ વીજ
(3) સ્નેહરશ્મિ : સાફલ્યટાણું, મારી દુનિયા, કોડિયાં
(4) જ્યંતિ દલાલ : ધરાગુર્જરી, યુધિષ્ઠિર, ધીમુ અને વિભા

21. સર્વથા સુસંગત જૂથ જણાવો :
(1) સીતારામ, માબાપ, બેઆબરૂ
(2) ચતુર્ભુજ, દશાનન, વિધવા
(3) ઈશ્વરનિર્મિત, નગરપતિ, આજીવન
(4) આગગાડી, ઘરજમાઈ, દહીંવડાં

22. સર્વથા સુસંગત જૂથ જણાવો :
(1) ઉદધિ, રત્નાકર, પ્રભાકર
(2) મિહિર, ભાનુ, અનલ
(3) વારિ, સલિલ, ઉદક
(4) ખગ, વિહગ, કોહ

23. સર્વથા સુસંગત જૂથ જણાવો :
(1) સુધારક યુગ : રાસ્ત ગોફતાર, ચાબૂક, સત્યપ્રકાશ
(2) સાક્ષર યુગ : પ્રિયંવદા, સ્ત્રીબોધ, જ્ઞાનસુધા
(3) ગાંધી યુગ : પ્રસ્થાન, સાયુજ્ય, દક્ષિણાયન
(4) આધુનિક યુગ : મનીષા, સમર્પણ, સંજ્ઞા

24. સર્વથા વિસંગત જૂથ જણાવો :
(1) સુંદરમ્ : માને ખોળે, માજાવેલાનું મૃત્યુ, ખાસ ડાક્ટર
(2) સુરેશ જોશી : કુરુક્ષેત્ર, એક પુરાણી વાર્તા, ટોળું
(3) પન્નાલાલ : સુખદુ:ખનાં સાથી, સાચાં શમણાં, મા
(4) ઉમાશંકર : છેલ્લું છાણું, ગુજરીની ગોદડી, અમુચમુ

25. સર્વથા વિસંગત જૂથ જણાવો :
(1) તત્સમ : ઉત્સવ, દુગ્ધ, દીપ
(2) તદ્ભવ : ઓચ્છવ, દૂધ, રક્ષા
(3) દેશ્ય : કડછી, ડુંગર, બાપ
(4) ફારસી : નોકર, પેદાશ, કાગળ

26. સર્વથા વિસંગત જૂથ જણાવો :
(1) કામિની, ફેરો, પલાશવન
(2) વિદિશા, પશ્યન્તી, શેરી
(3) સ્પર્શ, ઢાઈ અક્ષર પ્રેમકા, ખડિંગ
(4) હું પોતે, એવા રે અમે એવા, બિલ્લો-ટિલ્લો-ટચ

27. સર્વથા વિસંગત જૂથ જણાવો :
(1) ગોવર્ધનરામ : નવલકથા, કાવ્ય, નાટક
(2) સુંદરમ્ : કવિતા, નવલિકા, પ્રવાસ
(3) લાભશંકર : કવિતા, નવલકથા, ચરિત્ર
(4) ધીરુબહેન : નવલકથા, કવિતા, નાટક

28. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :
(A) થાળીમાં લવાયેલું વિરમદેનું શિર પીરોજાને જોતાં સ્થિર થઈ જાય છે.
(R) વિરમદે પીરોજા પ્રત્યે આકર્ષણ અનુભવતો હતો.
(1) (A) અને (R) બંને સાચાં છે.
(2) (A) અને (R) બંને ખોટાં છે.
(3) (A) સાચું છે અને (R) ખોટું છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

29. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :
(A) મહારાજ લાયબલ કેસ નર્મદ સામે થયો હતો.
(R) નર્મદે વિધવા સાથે પુનર્લગ્ન કર્યાં હતાં.
(1) (A) અને (R) બંને સાચાં છે.
(2) (A) અને (R) બંને ખોટાં છે.
(3) (A) સાચું છે અને (R) ખોટું છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

30. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :
(A) રોહિણીએ હેમંતને સર્પદંશમાંથી ઉગાર્યો.
(R) રોહિણી હેમંતને ચાહતી હતી.
(1) (A) અને (R) બંને સાચાં છે.
(2) (A) અને (R) બંને ખોટાં છે.
(3) (A) સાચું છે અને (R) ખોટું છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

31. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :
(A) 'માનવીની ભવાઈ'માં ગાયને તોરણે ચઢાવવાનો પ્રસંગ છે.
(R) પન્નાલાલને ગાયનો મહિમા દર્શાવવો હતો.
(1) (A) અને (R) બંને સાચાં છે.
(2) (A) અને (R) બંને ખોટાં છે.
(3) (A) સાચું છે અને (R) ખોટું છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

32. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :
(A) કામિની શેખર ખોસલાની હત્યા કરે છે.
(R) શેખર ખોસલાના માનસિક વળગણથી કામિની મુક્ત થવા માગતી હતી.
(1) (A) અને (R) બંને સાચાં છે.
(2) (A) અને (R) બંને ખોટાં છે.
(3) (A) સાચું છે અને (R) ખોટું છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

33. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :
(A) રસપ્રતીતિ સંદર્ભે શંકુક મિથ્યા પ્રતીતિનો નિર્દેશ કરે છે.
(R) રામ બનનારા અભિનેતા ખુદ રામ હોતા નથી.
(1) (A) અને (R) બંને સાચાં છે.
(2) (A) અને (R) બંને ખોટાં છે.
(3) (A) સાચું છે અને (R) ખોટું છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

34. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :
(A) કલ્પના કરતાં તરંગમાં ઊંચી કોટિની પ્રક્રિયા હોય છે.
(R) કલ્પના કરતાં તરંગ વિશેષ સર્જનાત્મક છે.
(1) (A) અને (R) બંને સાચાં છે.
(2) (A) અને (R) બંને ખોટાં છે.
(3) (A) સાચું છે અને (R) ખોટું છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

35. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :
(A) પંડિત યુગના બધા સાહિત્યકારો પંડિતો હતા.
(R) રમણભાઈ નીલકંઠ સુધારક યુગ સાથે અનુસંધાન ધરાવતા હતા.
(1) (A) અને (R) બંને સાચાં છે.
(2) (A) અને (R) બંને ખોટાં છે.
(3) (A) સાચું છે અને (R) ખોટું છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

36. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :
(A) પદ્યમાં લય હોય છે.
(R) ગદ્યમાં લય અનુપસ્થિત હોય છે.
(1) (A) અને (R) બંને સાચાં છે.
(2) (A) અને (R) બંને ખોટાં છે.
(3) (A) સાચું છે અને (R) ખોટું છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

Prepp
Your Personal Exams Guide

**37.** બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | બુદ્ધિપ્રકાશ | (i) | ચારુતર વિદ્યામંડળ |
| (b) | નવનીત-સમર્પણ | (ii) | ગુજરાત વિદ્યાસભા |
| (c) | કવિતા | (iii) | ભારતીય વિદ્યાભવન |
| (d) | વિ | (iv) | જન્મભૂમિ ટ્રસ્ટ |

કોડ :

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (i) | (iv) | (ii) | (iii) |
| (2) | (ii) | (iii) | (iv) | (i) |
| (3) | (iii) | (ii) | (i) | (iv) |
| (4) | (ii) | (i) | (iv) | (iii) |

**38.** બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | જયંત પાઠક | (i) | વમળનાં વન |
| (b) | જગદીશ જોશી | (ii) | અનુનય |
| (c) | સુરેશ દલાલ | (iii) | અશ્વત્થ |
| (d) | ઉશનસ્ | (iv) | અખંડ ઝાલર વાગે |

કોડ :

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (ii) | (iii) | (i) | (iv) |
| (2) | (iv) | (ii) | (iii) | (i) |
| (3) | (i) | (iv) | (ii) | (iii) |
| (4) | (ii) | (i) | (iv) | (iii) |

**39.** બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | અચલાયતન | (i) | ભારતી દલાલ |
| (b) | ઈતરજન | (ii) | હસમુખ બારાડી |
| (c) | વાન્યા મામા | (iii) | દીપક મહેતા |
| (d) | માહીમની ખાડી | (iv) | નગીનદાસ પારેખ |

કોડ :

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (i) | (ii) | (iii) |
| (2) | (i) | (iii) | (iv) | (ii) |
| (3) | (iv) | (ii) | (iii) | (i) |
| (4) | (ii) | (iv) | (i) | (iii) |

**40.** બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | સુધાંશુ | (i) | જન્મશંકર બૂચ |
| (b) | લલિત | (ii) | અનંતરાય ઠક્કર |
| (c) | શહબાઝ | (iii) | પરમાનંદ ભટ્ટ |
| (d) | ત્રાપજકર | (iv) | દામોદર ભટ્ટ |

કોડ :

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (ii) | (iii) | (i) |
| (2) | (ii) | (iii) | (iv) | (i) |
| (3) | (iv) | (i) | (ii) | (iii) |
| (4) | (i) | (iv) | (ii) | (iii) |

**41.** બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | મુંદ્રા | (i) | અશ્વિન |
| (b) | તારા | (ii) | પૃથ્વી |
| (c) | સુચરિતા | (iii) | કુલીન |
| (d) | ક્ષમા | (iv) | આનંદ |

કોડ :

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (ii) | (iii) | (i) |
| (2) | (iii) | (i) | (iv) | (ii) |
| (3) | (ii) | (iii) | (i) | (iv) |
| (4) | (iii) | (ii) | (i) | (iv) |

**42.** બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | જીવનપંથ | (i) | ર.વ. દેસાઈ |
| (b) | ગઈકાલ | (ii) | પ્રભુદાસ ગાંધી |
| (c) | આથમતે અજવાળે | (iii) | ધૂમકેતુ |
| (d) | જીવનનું પરોઢ | (iv) | ધનસુખલાલ મહેતા |

કોડ :

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (iv) | (ii) | (i) |
| (2) | (ii) | (iii) | (iv) | (i) |
| (3) | (i) | (ii) | (iii) | (iv) |
| (4) | (iii) | (i) | (iv) | (ii) |

43. બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | જ્યોતીન્દ્ર દવે | (i) | 1896 |
| (b) | ઝવેરચંદ મેઘાણી | (ii) | 1855 |
| (c) | ગોવર્ધનરામ | (iii) | 1901 |
| (d) | ઉમાશંકર | (iv) | 1911 |

કોડ :

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (i) | (ii) | (iv) |
| (2) | (i) | (iii) | (iv) | (ii) |
| (3) | (iii) | (ii) | (i) | (iv) |
| (4) | (iv) | (iii) | (i) | (ii) |

44. બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | ઋતુગીતો | (i) | જોરાવરસિંહ જાદવ |
| (b) | નર પટાધર નીપજે | (ii) | પુષ્કર ચંદરવાકર |
| (c) | લોકદ્વારેથી | (iii) | જયમલ્લ પરમાર |
| (d) | આપણા કસબીઓ | (iv) | ઝવેરચંદ મેઘાણી |

કોડ :

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (i) | (ii) | (iii) | (iv) |
| (2) | (ii) | (i) | (iv) | (iii) |
| (3) | (iv) | (iii) | (ii) | (i) |
| (4) | (iii) | (iv) | (i) | (ii) |

45. બન્ને યાદીની વિગતો સરખાવી ખરાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | દેડકાંની પાંચશેરી | (i) | ઉમાશંકર જોશી |
| (b) | દુર્ગા | (ii) | ચં.ચી. મહેતા |
| (c) | હાજરાહજુર | (iii) | લાભશંકર ઠાકર |
| (d) | રમત | (iv) | ચિનુ મોદી |

કોડ :

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (ii) | (iii) | (i) | (iv) |
| (2) | (ii) | (i) | (iv) | (iii) |
| (3) | (iv) | (ii) | (iii) | (i) |
| (4) | (i) | (iv) | (ii) | (iii) |

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

કાવ્ય વાંચી નીચેના પ્રશ્નોના યોગ્ય ઉત્તરો આપો :

ઊનાં રે પાણીનાં અદ્ભુત માછલાં –
એમાં આસમાની ભેજ,
એમાં આતમાનાં તેજ :
સાચાં તો યે કાચાં જાણે કાચનાં બે કાચલાં :
ઊનાં રે પાણીનાં અદ્ભુત માછલાં.
સાતે રે સમદર એના પેટમાં,
છાની વડવાનલની આગ,
અને પોતે છીછરાં અતાગ :
સપનાં આળોટે એમાં છોરું થઈને ચાગલાં :
ઊનાં રે પાણીનાં અદ્ભુત માછલાં.
જલના દીવા ને જલમાં ઝળહળે,
કોઈ દિન રંગ ને વિલાસ,
કોઈ દિન પ્રભુ ! તારી પ્યાસ,
ઝેર ને અમરત એમાં આગલાં ને પાછલાં :
ઊનાં રે પાણીનાં અદ્ભુત માછલાં.

46. 'ઊનાં પાણી' પ્રયોગ શેને માટે થયો છે ?
(1) વરસાદ માટે
(2) આંસુ માટે
(3) ઝરા માટે
(4) ઝાકળ માટે

47. 'માછલાં' પ્રયોગ શેને માટે થયો છે ?
(1) આંખો માટે
(2) વીજળી માટે
(3) મોતી માટે
(4) બાળકો માટે

48. 'સાચાં તોયે કાચાં જાણે કાચનાં બે કાચલાં' પંક્તિમાં કયો અલંકાર પ્રયોજાયો છે ?
(1) રૂપક
(2) ભ્રાંતિમાન
(3) ઉત્પ્રેક્ષા
(4) અતિશયોક્તિ

49. 'સપનાં આળોટે એમાં છોરું થઈને ચાગલાં' પંક્તિમાં કયો કાવ્ય-વ્યાપાર પ્રયોજાયો છે ?
(1) વક્રોક્તિ-વ્યાપાર
(2) લક્ષણા-વ્યાપાર
(3) પ્રતીક-વ્યાપાર
(4) કલ્પન-વ્યાપાર

50. 'વડવાનલ' શબ્દનો અર્થ દર્શાવો.
(1) સૂર્યનો તાપ
(2) દરિયાઈ અગ્નિ
(3) જ્વાળામુખી
(4) વડના વૃક્ષમાં છુપાયેલો અગ્નિ

---



Prepp Your Personal Exam Guide

Prepp
Your Personal Exams Guide

Space For Rough Work

Prepp Your Personal Exam Guide